ક્રમાંકઃ જીઆઇડીસી/વ.ક/ પ્રિ-વિતરણ/ ૮

જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.

તા.૧૯ /૦૬/૨૦૨૦

વિષયઃ- **નિગમ ધ્વારા જારી કરવામાં આવેલ ફાળવણીપત્ર, કરવાના થતા કરારખત તથા પઝેશન એડવાઇઝ તેમજ પ્લોટ ફાળવણી માટે મળેલ નવી અરજી સંદર્ભે સમયમર્યાદા વધારી આપવા બાબત.**

**સંદર્ભ:** નિગમના પરીપત્ર ક્રમાંક : એલ ૦૯૦૦૧૦૦૧૧૨૪૬, તા.૧૦-૦૪-૨૦૨૦.

**// સુધારા પરિપત્ર //**

નિગમ ધ્વારા પ્લોટ ફાળવણી માટે મળતી નવી ઓનલાઇન અરજીઓ સંદર્ભે જારી કરવામાં આવેલ ફાળવણીપત્રો, પ્લોટ ફાળવણી માટે મળેલ નવી અરજી અન્વયે જમા કરાવવાના થતા સાધનિક દસ્તાવેજી પૂરાવા, ફાળવણીપત્ર જારી કર્યા બાદ કાર્યાન્વિત કરવાના થતા કરારખત અને પઝેશન એડવાઇઝ જારી કર્યા બાદ પ્લોટના પ્રત્યક્ષ કબજો લેવા સંદર્ભે જરૂરી સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે. પરંતુ પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઇ, નિગમ ધ્વારા પ્લોટ વિતરણ સંદર્ભે અને કબજો સંભાળ્યા પહેલાં થતા હુકમો/ફાળવણીપત્રોની પૂર્તતા કરવા બાબતે સંદર્ભદર્શિત પરિપત્રથી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે, **જેમાં ફાળવણીપત્ર જારી કર્યા બાદ ઓફર રકમ જમા કરાવવા અને કરારખત કાર્યાન્વિત કરાવવા બાબતે ફાળવણીપત્રની શરતમા કરવામા આવેલ ઉલ્લેખ મુજબ અથવા તા.૩૦/૦૬/૨૦૨૦ (બંનેમાંથી જે મોડું હોય તે) હોય તેના બદલે તા.૩૦-૦૯-૨૦૨૦ ગણવાની રહેશે તેમજ તે તારીખ સુધીમા સંબંધિત ક્ષેત્રિય કચેરીએ પૂર્તતા કરી શકશે તેમજ તે અન્વયે ક્ષેત્રિય કચેરી ધ્વારા ડીલે ઇન્ટ્રેસ્ટ વસુલ કરવાનો રહેશે નહિં.** જે કિસ્સાઓમાં અગાઉ ફાળવણીપત્રની સમયમર્યાદા વધારી આપવામાં આવેલ હોય તથા ડીલે ઇન્ટ્રેસ્ટ વસૂલ કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં અન્ય કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહિ.

ઉપરોક્ત સુધારા સિવાય સંદર્ભદર્શિત પરિપત્રમા ઉલ્લેખિત અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.... તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો ... તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યું**

**મેનેજર (મહેકમ)**

જીઆઇડીસી, ગાંધીનગર